# કાલે અમદાવાદમાં ભગવાન જગન્નાથની જળયાત્રા, 108 કળશમાં સાબરમતીનું પવિત્ર જળ લવાશે

**16મી** જુલાઇએ 149મી રથયાત્રાના રૂપમાં ભગવાન નગરચર્યાએ નીકળશે

અમદાવાદ: અમદાવાદમાં ભગવાન જગન્નાથજીની 149મી રથયાત્રા પૂર્વે યોજાતી પરંપરાગત જળયાત્રા સોમવાર તા. 29મી જુનના રોજ ભક્તિભાવ અને વૈદિક વિધિ-વિધાન સાથે નીકળશે. આ ધાર્મિક પ્રસંગને લઈને જગન્નાથ મંદિર તંત્રએ તમામ તૈયારીઓ પૂર્ણ કરી દીધી છે.

જળયાત્રા દરમિયાન 108 પિત્તળના કળશ સાથે ગંગાપૂજનની વિધિ કરવામાં આવશે. ત્યારબાદ સાબરમતી નદીના કિનારેથી પવિત્ર જળ ભરી મંદિર સુધી શોભાયાત્રા સ્વરૂપે લાવવામાં આવશે. આ પવિત્ર જળનો ઉપયોગ ભગવાન જગન્નાથ, બલભદ્ર અને સુભદ્રાજીના જ્યેષ્ઠાભિષેક સ્નાનવિધિમાં કરવામાં આવશે.

આ જળયાત્રામાં પરંપરાગત અખાડાઓ, ભજન મંડળીઓ, ધજા-પતાકાઓ અને મોટી સંખ્યામાં સંતો-મહંતો તથા હરિભક્તો જોડાશે.

## અનુસંધાન ... પાના પહેલાનું

### અફઘાનિસ્તાનમાં ૬.૨નો...

અને મહિલાઓ તથા બાળકો રડતા જોવા મળ્યા હતા. ભૂસ્તર વૈજ્ઞાનિકો 6.2 ની તીવ્રતાના ભૂકંપને એક શક્તિશાળી ઘટના તરીકે વર્ગીકૃત કરે છે જે ગંભીર નુકસાન પહોંચાડવા સક્ષમ હોય છે, જોકે તેની અસર કેટલી થશે તેનો આધાર ભૂકંપની ઊંડાઈ, તેનું સ્થાન અને ત્યાંના સ્થાનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર રહેલો છે.

### ૧૯૪ વર્ષના...

છે અને તેની સુંઘવાની શક્તિ પણ જતી રહી છે, પરંતુ તેની સાંભળવાની શક્તિ તેજ છે. તે ડૉક્ટરનો અવાજ ઓળખીને ખોરાક માટે મોં હલાવે છે.

### ટ્રમ્પ અને...

પોતાના સ્પષ્ટ મૂલ્યાંકન માટે જાણીતા છે. તેમણે કહ્યું કે સંબંધોમાં તણાવ અંગે સમયાંતરે ચર્ચાઓ થતી હોવા છતાં, ટ્રમ્પ અને મોદી વચ્ચેની કેમિસ્ટ્રી મજબૂત હતી. ટ્રમ્પના પ્રથમ કાર્યકાળ દરમિયાન યોજાયેલા 'હાઉડી મોદી' અને 'નમસ્તે ટ્રમ્પ' ના દિવસોનો ઉલ્લેખ કરતા ગોરે કહ્યું, બંને ખૂબ સારા મિત્રો છે, અને આ મિત્રતા વર્ષો જૂની છે.

### ભારત-પાકિસ્તાને...

બિનસત્તાવાર સંપર્કો છે. 'ટ્રેક-૧.૫' આ બંનેની વચ્ચે આવે છે જેમાં બંને પ્રકારના પક્ષકારોની હાજરી હોય છે. પાકિસ્તાન સ્થિત અખબાર 'ધ એક્સપ્રેસ ટ્રિબ્યુન'એ દાવો કર્યો છે કે ભારત અને પાકિસ્તાને ટ્રેક ૧.૫ સંવાદ કર્યો હતો. અહેવાલ મુજબ, આ વાતચીત કોલંબોમાં યોજાયેલા વાર્ષિક 'સાઉથ એશિયા ડાયલોગ' દરમિયાન થઈ હતી. હિન્દુસ્તાન ટાઇમ્સના અહેવાલ અનુસાર, ભારતીય પક્ષમાં ભાજપના પૂર્વ રાષ્ટ્રીય મહાસચિવ રામ માધવ, પૂર્વ આર્મી ચીફ જનરલ મનોજ મુકુંદ નરવણે અને પૂર્વ રાજદ્વારી રુચિ ઘનશ્યામ સામેલ હતા. જ્યારે પાકિસ્તાની પ્રતિનિધિમંડળમાં વિદેશ મંત્રાલયના સેવારત રાજદ્વારી અને ડાયરેક્ટર જનરલ સજ્જાદ ખાન, પૂર્વ સેનેટર શેરી રહેમાન અને નિવૃત્ત મેજર જનરલ ઇસ્ફંદિયાર ખાન પટૌડી સામેલ હોવાનું કહેવાય છે. જો કે કોલંબોની આ ઇવેન્ટમાં ભાગ લેનાર ભાજપના રામ માધવે આ દાવાઓને નકારી કાઢ્યા છે. તેમણે કહ્યું કે સુરક્ષા પરિષદમાં તેમની ભાગીદારીને વ્યાપક પ્રાદેશિક મંચ તરીકે જોવી જોઈએ, નહીં કે કોઈ બિનસત્તાવાર દ્વિપક્ષીય સંવાદ તરીકે.

### ટ્રમ્પ આવતા...

મજબૂત વ્યક્તિગત સંબંધો પર ભાર મૂક્યો હતો અને ભારત-અમેરિકાના સંબંધોને "અદભુત" ગણાવ્યા હતા. વોશિંગ્ટન ડીસીમાં સમાચાર એજન્સી IANS સાથે વાત કરતા રુબિયોએ જણાવ્યું હતું કે તેઓ રાષ્ટ્રપતિની મુલાકાતની તૈયારીઓને આખરી ઓપ આપવા માટે વર્ષના અંત પહેલા ભારત પ્રવાસની અપેક્ષા રાખે છે. અમે આશા રાખી રહ્યા છીએ કે અમે તે દિશામાં કામ કરી રહ્યા છીએ - આગામી વર્ષની શરૂઆતમાં રાષ્ટ્રપતિ ભારત આવે. મને લાગે છે કે આ ખૂબ જ હકારાત્મક છે. ભારત યુનાઈટેડ સ્ટેટ્સનું ખૂબ જ નજીકનું ભાગીદાર અને સહયોગી છે, અને વડાપ્રધાન તથા રાષ્ટ્રપતિ વચ્ચેના સંબંધો આનાથી વધુ નજીકના ન હોઈ શકે, જે મને લાગે છે કે મુત્સદ્દીગીરીમાં ખરેખર મહત્વપૂર્ણ છે, એમ રુબિયોએ જણાવ્યું હતું. જો આ મુલાકાત થશે, તો ફેબ્રુઆરી ૨૦૨૦ પછી ટ્રમ્પની આ પ્રથમ ભારત મુલાકાત હશે અને બીજા કાર્યકાળ માટે વ્હાઈટ હાઉસમાં પરત ફર્યા પછીની આ તેમની પ્રથમ મુલાકાત હશે. ટ્રમ્પ અને વડાપ્રધાન મોદી છેલ્લે ફ્રાન્સના એવિયનમાં G7 સમિટની સાઈડલાઈનમાં મળ્યા હતા, જે ૧૬ મહિનામાં તેમની પ્રથમ દ્વિપક્ષીય બેઠક હતી. બંને નેતાઓ વચ્ચેના સંબંધોની પ્રશંસા કરતા અમેરિકી વિદેશ મંત્રીએ કહ્યું કે, રાષ્ટ્રપતિ અને ભારતના વડાપ્રધાન વચ્ચેના સંબંધો ઉત્તમ છે.

### પેપર લીક...

પ્રકાશમાં આવી હતી, જ્યારે ભિવંડી પોલીસે પરીક્ષાના પ્રશ્નપત્રો અંગેની અનધિકૃત માહિતી ધરાવતા લોકો વિશે મળેલી ગુપ્ત બાતમીના આધારે તાત્કાલિક કાર્યવાહી કરી હતી. થાણે જિલ્લા વહીવટીતંત્રએ જણાવ્યું હતું કે, શંકાસ્પદ સ્થળે તાત્કાલિક દરોડો પાડવામાં આવ્યો હતો. જપ્ત કરાયેલી સામગ્રીની ચકાસણી કરવા માટે મહારાષ્ટ્ર રાજ્ય પરીક્ષા પરિષદના વરિષ્ઠ અધિકારીઓને પોલીસે તાત્કાલિક બોલાવ્યા હતા. ઝીણવટભરી તપાસમાં જાણવા મળ્યું હતું કે શંકાસ્પદોની કબજામાંથી મળી આવેલા કેટલાક પ્રશ્નો જૂન ૨૦૨૬ની TET માટે તૈયાર કરવામાં આવેલા અસલી પ્રશ્નપત્ર સાથે મેળ ખાતા હતા. આ પછી ત્રણ જણાની ધરપકડ કરવામાં આવી હતી જેઓ મૂળ બિહાર અને હરિયાણાના છે. તપાસ માટે પોલીસે ખાસ તપાસ ટુકડી(એસઆઈટી)ની રચના કરી છે. અન્ય રાજ્યોમાં તપાસ માટે પોલીસ ટીમો રવાના કરવામાં આવી છે. આ આંતરરાજ્ય સિન્ડિકેટ હોવાનું જણાવાયું છે. પરિષદે ઉમેદવારોને અફવાઓ પર વિશ્વાસ ન કરવા વિનંતી કરી છે અને જાહેરાત કરી છે કે TET ૨૦૨૬ માટેની નવી તારીખો અને અદ્યતન સમયપત્રક ટૂંક સમયમાં પરિષદની સત્તાવાર વેબસાઈટ પર પ્રકાશિત કરવામાં આવશે. દરમિયાન, અધિકારીઓએ જણાવ્યું હતું કે પરીક્ષા માટે ઉમેદવારો પાસેથી ફરીથી નોંધણી ફી લેવામાં આવશે નહીં. પત્રકારો સાથે વાત કરતા MSCE ના ડેપ્યુટી કમિશનર પ્રિયા શિંદેએ જણાવ્યું હતું કે, ૩૭ સ્થળોએ આવેલા ૧,૭૨૮ કેન્દ્રો પર આશરે ૬ લાખ ઉમેદવારો આ પરીક્ષા આપવાના હતા.

# શ્રી રામ મંદિરના ભંડારમાંથી ચોરીના કેસમાં છેવટે ભીનું સંકેલી લેવામાં આવ્યું છે



અયોધ્યામાં રામ મંદિરના ભંડારમાંથી અબજો રૂપિયાની ચોરીનાં પ્રકરણમાં છેવટે ભીનું સંકેલી લેવામાં આવ્યું છે, ચોરી માટે ગુનેગાર મોટાં માથાંઓને છોડી દેવામાં આવ્યાં છે અને તેમના આદેશ પર ચોરી કરતા નાના કર્મચારીઓને જેલના સળિયા પાછળ ધકેલી દેવામાં આવ્યા છે. ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથના નિર્દેશ પર બનેલી SIT એ તો પોતાના રિપોર્ટમાં કુલ ૧૬ માણસો પર FIR કરવાની ભલામણ કરી હતી, પણ દિલ્હી દરબાર અને આરએસએસના આદેશ મુજબ તેમાંના ૮ પર જ FIR કરવામાં આવી છે. કહેવાય છે કે યોગી આદિત્યનાથ તમામ ગુનેગારોને જેલમાં મોકલવા આતુર હતા, પણ તેમણે દિલ્હી દરબારનો અને નાગપુરનો આદેશ માથે ચડાવવો પડ્યો છે. જો યોગી આદિત્યનાથ તેમની મરજી મુજબ વર્તે તો તેમને મુખ્ય મંત્રીના પદેથી દૂર કરવાની તૈયારી પણ થઈ ગઈ હોવાનું કહેવાય છે. રામ મંદિરમાંથી આટલી મોટી ચોરી થઈ તો પણ તે બાબતમાં આરએસએસથી માંડીને બજરંગ દળના કે વિશ્વ હિન્દુ પરિષદના નેતાઓ જાહેરમાં એક હરફ પણ કાઢવા તૈયાર નથી; કારણ કે ચોરી કરનારા તેમના પરિવારના છે.

એફઆઈઆર દાખલ થયા બાદ મંદિરમાં મળેલા દાનની કથિત ઉચાપતની તપાસ તેજ થઈ ગઈ છે ત્યારે આ ઘટનાક્રમ સામે આવ્યો છે. ઉત્તર પ્રદેશ સરકારના નિર્દેશ પર, ભારતીય દંડ સંહિતા (આઈપીસી) ની વિવિધ કલમો - ૩૦૬, ૩૧૬(૫), ૩૧૭ (૪), ૩૧૭ (૫), ૬૧ અને ૩ (૫) હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. એફઆઈઆરમાં અનુકલ્પ મિશ્રા, લવકુશ મિશ્રા, અવિનાશ શુક્લા, ટીનુ યાદવ, મનીષ યાદવ વગેરે આઠ કર્મચારીઓનો સમાવેશ થાય છે.

દાનપેટીમાંથી અબજો રૂપિયાની તફડંચી કરવામાં આવી તેના માટે જો કોઈ વ્યક્તિ સૌથી મોટો ગુનેગાર હોય તો તે શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના મહામંત્રી ચંપત રાય છે, જેમની પાસે ચોરીની અનેક વાર ફરિયાદ કરવા છતાં તેમણે કોઈ પગલાં લીધાં નહોતાં; કારણ કે ચોરી કરનારાઓ તેમના જ આશ્રિત હતા. આ ચોરીના બીજા મોટા જવાબદાર અનિલ મિશ્રા હતા, જેઓ શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના ટ્રસ્ટી હતા. આ બંને ગુનેગારોને જેલના સળિયા પાછળ ધકેલી દેવાને બદલે હળવી સજા કરવામાં આવી છે અને રાજીનામું આપવાની ફરજ પાડવામાં આવી છે.

રામ મંદિર ચળવળમાં જોડાતા પહેલાં ચંપત રાય બિજનોરની SRM ડિગ્રી કોલેજમાં રસાયણશાસ્ત્રના શિક્ષક હતા. કટોકટી દરમિયાન તેમની ધરપકડ પણ થઈ હતી. RSS સાથેના જોડાણને કારણે તેમણે લગભગ ૧૮ મહિના જેલમાં વિતાવ્યા હતા. મુક્ત થયા પછી તેઓ શિક્ષણમાં પાછા ફર્યા નહીં અને સામાજિક અને તેમણે ધાર્મિક કાર્યમાં પોતાનું જીવન સમર્પિત કર્યું. ૧૯૮૦ માં તેઓ ઔપચારિક રીતે વિશ્વ હિન્દુ પરિષદ (VHP) માં જોડાયા. સંગઠનમાં તેઓ સચિવથી આંતરરાષ્ટ્રીય ઉપપ્રમુખ સુધી પહોંચ્યા. ચંપત રાય ૧૯૮૦ ના દાયકાથી રામ મંદિર ચળવળમાં સક્રિય વ્યક્તિ છે. તેમના નજીકના સાથીઓ અને સમર્થકો માને છે કે અયોધ્યાના ઇતિહાસ, પરંપરાઓ અને શેરીઓનું તેમના જેટલું ઊંડું જ્ઞાન કોઈને નથી. આ કારણોસર ઘણા લોકો તેમને અયોધ્યામાં રામ લલ્લાના રેકોર્ડ કીપર પણ કહે છે. રામ મંદિર ચળવળમાં જોડાયા પછી ચંપત રાયે પોતાનું આખું જીવન રામ મંદિર ચળવળ સંબંધિત પ્રવૃત્તિઓમાં સમર્પિત કર્યું છે. અયોધ્યાના કેસમાં સુપ્રીમ કોર્ટના નિર્ણય બાદ જ્યારે ૨૦૨૦માં શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટની રચના કરવામાં આવી ત્યારે ચંપત રાયને તેના મહાસચિવ નિયુક્ત કરવામાં આવ્યા હતા. વિશ્વ હિન્દુ પરિષદ (VHP) ના વરિષ્ઠ નેતા ચંપત રાય રામ મંદિર ચળવળ અને તેના નિર્માણમાં એક મુખ્ય વ્યક્તિ રહ્યા છે. ટ્રસ્ટના મહાસચિવ તરીકે તેઓ મુખ્યત્વે મંદિરના વહીવટી માળખા, નાણાંકીય બાબતો, જમીનના સોદા અને દૈનિક વ્યવસ્થાપન માટે જવાબદાર

ટુ ધ પોઇન્ટ
▪ સંજય વોરા ▪

હતા. મંદિરના દાન પેટીઓમાંથી કરોડો રૂપિયાના દાન અને કિંમતી ચાંદીની વસ્તુઓના સત્તાવાર રેકોર્ડ ન રાખવાના આરોપો બાદ તેઓ તપાસના ઘેરામાં આવ્યા હતા. SIT તપાસમાં જાણવા મળ્યું કે ચંપત રાયનો નજીકનો સાથી અને ડ્રાઇવર, રામાશંકર યાદવ, ઉર્ફે ટીનુ યાદવ ચોરીના નેટવર્કમાં મુખ્ય ખેલાડી હતો. અયોધ્યાના એક વરિષ્ઠ ચિકિત્સક અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) સાથે સંકળાયેલા ડો. અનિલ મિશ્રા ટ્રસ્ટના સ્થાપક સભ્યોમાંના એક હતા, જેમને મંદિરના પ્રસાદ, રોકડ ગણતરી અને બેંકિંગ વ્યવસ્થાની સીધી દેખરેખ રાખવાનું કામ સોંપવામાં આવ્યું હતું.

SIT તપાસમાં જાણવા મળ્યું કે ડો. અનિલ મિશ્રા ચોરી સાથે જોડાયેલા રોકડ ગણતરી હોલ અને ત્યાં તૈનાત ખાનગી કર્મચારીઓની દેખરેખ માટે જવાબદાર હતા. એજન્સીઓએ રોકડ ગણતરી પ્રક્રિયા અને ધરપકડ કરાયેલા કર્મચારીઓ સાથેના તેમના સંબંધો વિશે લગભગ ચાર કલાક સુધી તેમની પૂછપરછ કરી હતી. વધુમાં રામ મંદિર બાંધકામ સંબંધિત કેટલાક જૂના જમીન સોદાઓમાં સાક્ષી તરીકે તેમની હાજરી અંગે પણ ચર્ચાઓ ફરી શરૂ થઈ છે. SIT એ ડો. અનિલ મિશ્રા અને ચંપત રાયને ક્લીનચીટ આપી નથી, પરંતુ તેમનાં નામ સીધા આરોપી તરીકે પણ આપવામાં આવ્યાં નથી. તેમનાં રાજીનામાંને તપાસ નિષ્પક્ષ રહે અને શ્રી રામ જન્મભૂમિ ટ્રસ્ટની પ્રતિષ્ઠા અકબંધ રહે તે સુનિશ્ચિત કરવાના એક મહત્ત્વપૂર્ણ પ્રયાસ તરીકે જોવામાં આવી રહ્યાં છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર પ્રધાનમંત્રી કાર્યાલય (PMO) એ ટ્રસ્ટના નાણાંકીય રેકોર્ડ અને ખર્ચની વિગતો પણ માંગી હતી, જેના પગલે SIT એ વહીવટી પ્રક્રિયાઓ અને નાણાંકીય દેખરેખ અંગે ચંપત રાયની ઘણી વખત પૂછપરછ કરી હતી. ચંપત રાયે સતત ટ્રસ્ટના ઓડિટને પારદર્શક ગણાવ્યું હતું. SIT ના પ્રારંભિક અહેવાલ અને નોંધાયેલી FIR ના આધારે અત્યાર સુધીમાં આઠ લોકોની ધરપકડ કરવામાં આવી છે. ધરપકડ કરાયેલા આરોપીઓમાં ચંપત રાયના ડ્રાઇવર ટીનુ યાદવ, રોકડ ગણતરીના પ્રભારી અનુકલ્પ મિશ્રા અને રોકડ ગણતરી કરનારા ઘણા ખાનગી કર્મચારીઓનો સમાવેશ થાય છે. મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા સમારોહ પછી ધરપકડ કરાયેલા કેટલાક કર્મચારીઓની નાણાંકીય સ્થિતિ અને બેંક ખાતાંમાં અચાનક શંકાસ્પદ વધારો જોવા મળ્યો હતો, જેની સંપૂર્ણ તપાસ કરવામાં આવી રહી છે. SIT ના આંતરિક અહેવાલમાં તપાસ હેઠળના ૧૬ લોકોની યાદીમાં ચંપત રાય અને ડો. અનિલ મિશ્રાનાં નામો પણ સામેલ હતાં, જેના કારણે બંનેએ ભારે રાજકીય દબાણનો સામનો કર્યા બાદ રાજીનામું આપવાનું યોગ્ય માન્યું હતું.

આ કેસ પ્રકાશમાં આવ્યા બાદથી ચંપત રાય વિપક્ષના નિશાના પર છે. AAP સાંસદ સંજય સિંહે પ્રશ્ન કર્યો કે પાર્ટી હજુ પણ મોટા લૂંટારાઓને કેમ બચાવી રહી છે. બાંધકામના પ્રોજેક્ટો, જમીનની ખરીદી અને દાનમાંથી ભંડોળની ઉચાપત કરનારા ચંપત રાય, અનિલ મિશ્રા અને ગોપાલ રાવ ક્યારે જેલમાં જશે? સમાજવાદી પાર્ટીએ રામ મંદિરના દાન અને કથિત અનિયમિતતાઓ અંગે ટ્રસ્ટ પર ગંભીર આરોપો લગાવ્યા છે. પાર્ટીનો દાવો છે કે ચંપત રાય અને અનિલ મિશ્રાનાં રાજીનામાં દબાણને કારણે થયાં હતાં. એસપીએ દાવો કર્યો હતો કે ૨૭ એપ્રિલથી ૫ જૂન સુધીના સીસીટીવી ફૂટેજની વિગતવાર તપાસ હાથ ધરવામાં આવી હતી, જ્યારે ૨૦૨૨ થી ૨૦૨૫ સુધીના ઓડિટમાં પણ અનિયમિતતાઓ બહાર આવી હતી. સમાજવાદી પાર્ટીએ મેનેજમેન્ટ રેકોર્ડ ઓફર કરવામાં અનિયમિતતા, ૪૨ દિવસમાં કથિત ચોરી અને ઉચાપતના ૭૦ કિસ્સાઓ અને તપાસ પર દેખરેખ રાખવામાં ખામી હોવાનો આરોપ લગાવ્યો છે. પાર્ટીએ પ્રશ્ન કર્યો હતો કે SIT ની રચના થાય તે પહેલાં રાજીનામાં શા માટે સ્વીકારવામાં આવ્યા ન હતા. સમાજવાદી પાર્ટીએ એવો પણ આરોપ લગાવ્યો હતો કે સમગ્ર મામલામાં પુરાવા છે.

આરએસએસ અને ભાજપે પોતાની આબરૂ બચાવવા ચંપત રાય અને અનિલ મિશ્રા જેવા મોટા ગુનેગારોને ભલે છોડી દીધા, પણ રામ મંદિરમાં ચોરીનો ભાંડો ફૂટવાને કારણે દેશના કરોડો હિન્દુઓમાં સંઘપરિવાર અને ભાજપની છબી ખરડાઈ છે. અત્યાર સુધી તેમના વિરોધીઓ આક્ષેપો કરતા હતા કે તેમને હિન્દુત્વમાં રસ નથી પણ પોતાનાં ગજવાં ભરવામાં રસ છે; તે આક્ષેપો હવે સાચા પુરવાર થઈ રહ્યા છે. દેશના કરોડો રામભક્ત હિન્દુઓ પાસે મંદિરનો ભંડાર કથિત રામસેવકો દ્વારા લૂંટાયા પછી પણ ભજવાઈ રહેલો તમાશો જોવા સિવાય કોઈ વિકલ્પ રહ્યો નથી.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

**શ્રી રામ મંદિરમાંથી આટલી મોટી ચોરી થઈ તો પણ તે બાબતમાં આરએસએસથી માંડીને બજરંગ દળના કે વિશ્વ હિન્દુ પરિષદના નેતાઓ જાહેરમાં એક હરફ પણ કાઢવા તૈયાર નથી**


## દક્ષિણ ગુજરાત વીજ કંપની લીમીટેડ, રાંદેર વિભાગીય કચેરી

DGVCL

પ્લોટ નં. ૩૭, ટી.પી.૩૨, એલ.પી.સવાણી રોડ, જલારામ મંદિર પાછળ, સૌરભ પોલીસ ચોકીની ગલીમાં, અડાજણ, સુરત,૩૯૫૦૦૯

CIN: U40102GJ2003SGC042909

ડીજીવીસીએલ ટોલ ફ્રી નં.૧૯૧૨૩ અથવા ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩

એમ.સી.બી.,. ઈ.એલ.સી.બી અને /આર.સી.સી.બી લગાવી વીજળીના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો

### વીજપ્રવાહ બંધ રહેવા અંગેની જાહેરાત

આથી અમારા માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે નીચે દર્શાવેલ ફીડરો પર જેટકો દ્વારા જરૂરી કામગીરી કરવાની હોવાથી દર્શાવેલ તારીખે વીજ પુરવઠો મળશે નહિ. કામગીરી વહેલી પૂર્ણ થશે તો કોઈ પણ પ્રકારની જાણ કર્યા વગર વીજ પુરવઠો ચાલુ કરવામાં આવશે જેની નોંધ લેવા વિનંતી.

| અ. નં. | સબસ્ટેશનનું નામ | ફીડરનું નામ | સબ ડિવિઝન | વિસ્તાર | ફોલ્ટ સેન્ટર નંબર | તારીખ | સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | અડાજણ જીઆઈએસ | યોગી, બીએપીએસ | અડાજણ | ગંગેશ્વર મહાદેવ મંદિર થી સેંટ માર્ક સ્કૂલ ના વિસ્તાર,ઓમ શિવમ કોમ્પલેક્ષ થી સ્નેહ સંકુલ વાડી વિસ્તાર, આહુરા નગર થી બદ્રીનારાયણ મંદિર, અડાજણ ફાયર સ્ટેશન થી બીએપીએસ મંદિર, મહેર નગર થી જગદીશચંદ્રબોઝ એકવેરિયમ | ૧૯૧૨૩ | ૨૯.૦૬.૨૦૨૬ | ૦૭.૦૦ થી ૧૧.૦૦ |
| ૨ | પાલ | હેતલ નગર | રાંદેર-૧ | હેતલ નગર, દીવાલીબાગ, સબનમ પાર્ક, કોટયાર્ક નગર | ૧૯૧૨૩ | ૨૯.૦૬.૨૦૨૬ | ૦૭.૦૦ થી ૧૧.૦૦ |
| ૩ | પાલ | શીતલ | રાંદેર-૧ | અડાજણ બસ ડેપો, સુગમ સોસા. રિવર ફ્રંટ ટાવર,તપન હોલ | ૧૯૧૨૩ | ૩૦.૦૬.૨૦૨૬ | ૦૭.૦૦ થી ૧૧.૦૦ |
| ૪ | વરિયાવ | વરિયાવ ટાઉન | અમરોલી | શેરડી, કણાદ, કોસમ, કંટારા, મિત્રોની વાડી ની સામે, આશ્રમ નગર | ૧૯૧૨૩ | ૦૧.૦૭.૨૦૨૬ | ૦૭.૦૦ થી ૧૧.૦૦ |
| ૫ | ભાઠા | સ્ટરલિંગ, સ્તુતિ | પાલનપોર | ગૌરવપથ વિસ્તાર, મથુરા નગરી થી સાંઈ તીર્થ, અરિહંત આર્કેડ થી સહજાનંદ હિલ્સ થી શ્રીપદ સિઝન | ૧૯૧૨૩ | ૦૧.૦૭.૨૦૨૬ | ૦૭.૦૦ થી ૧૧.૦૦ |
| ૬ | ભાઠા | કસ્તુરબા | પાલનપોર | વિદ્યાકુંજ સ્કૂલ થી જકાતનાકા ચોકડી થી ઝગડીયા ચોકડી | ૧૯૧૨૩ | ૦૨.૦૭.૨૦૨૬ | ૦૭.૦૦ થી ૧૧.૦૦ |
| ૭ | ભાઠા | સુડા | પાલ | કલ્પવૃક્ષ ગાર્ડન,નક્ષત્ર હાઈટ | ૧૯૧૨૩ | ૦૨.૦૭.૨૦૨૬ | ૦૭.૦૦ થી ૧૧.૦૦ |
| ૮ | ભાઠા | સિદ્ધિવિનાયક | પાલ | શિવ દિગ્જા, શિવ સમર્થ, હેપીહોમ | ૧૯૧૨૩ | ૦૩.૦૭.૨૦૨૬ | ૦૭.૦૦ થી ૧૧.૦૦ |

કાર્યપાલક ઇજનેર સંઅનેનિ ,રાંદેર વિભાગીય કચેરી, સુરત

ગ્રાહક તકરાર નિવારણ સમિતિની બેઠક દર મહિને ૧૦મી તારીખે વિભાગીય કચેરીએ અને ૨૦મી તારીખે વર્તુળ કચેરીએ

## દક્ષિણ ગુજરાત વિજ કંપની લિમિટેડ

DGVCL

CIN U40102GJ2003SGC042909

ધરમપુર વિભાગીય કચેરી

રાજમહેલ રોડ, ફાયર સ્ટેશન ની બાજુમાં, ધરમપુર

ડીજીવીસીએલ ટોલ ફ્રી નં. ૧૯૧૨૩ અથવા ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩

### વીજ પ્રવાહ બંધ રહેવા અંગે ની જાહેરાત

આથી અમારા માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે, નીચે દર્શાવેલ સબ-સ્ટેશનમાં તથા ફીડરોમાં જરૂરી સમારકામ કરવાનું હોવાથી નીચે જણાવેલ તારીખે જે તે ફીડરો તથા સબ-સ્ટેશનનો વીજ પ્રવાહ બંધ રહેશે.

| ક્રમ | સબ-સ્ટેશન | ફીડર | સબ-ડિવિઝન | ફોલ્ટ સેન્ટર નં. | તારીખ/વાર | સમય |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૬૬ કે.વી. જીરવલ | ૧૧ કે.વી. ભવનપાડા જેજીવાય | નાનાપોઢાં | ૮૯૮૦૮૦૩૯૫૩ | ૨૯.૦૬.૨૦૨૬ /સોમવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |
| ૨ | ૬૬ કે.વી. જીરવલ | ૧૧ કે.વી. સેંદુરપાડા એજી | નાનાપોઢાં | ૮૯૮૦૮૦૩૯૫૩ | ૨૯.૦૬.૨૦૨૬ /સોમવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |
| ૩ | ૬૬ કે.વી. જીરવલ | ૧૧ કે.વી. ભંડારકછ એજી | નાનાપોઢાં | ૮૯૮૦૮૦૩૯૫૩ | ૨૯.૦૬.૨૦૨૬ /સોમવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |
| ૪ | ૬૬ કે.વી. નાની વહીયાળ | ૧૧ કેવી ઝરિયા જેજીવાય | ધરમપુર-૧ | ૮૯૮૦૮૦૩૯૫૦ | ૨૯.૦૬.૨૦૨૬ /સોમવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |
| ૫ | ૬૬ કે.વી. નાની વહીયાળ | ૧૧ કેવી ઉકતા એજી | ધરમપુર-૧ | ૮૯૮૦૮૦૩૯૫૦ | ૨૯.૦૬.૨૦૨૬ /સોમવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |
| ૬ | ૬૬ કે.વી. ધાણવેરી | ૧૧ કે.વી. તેરી ચિખલી જેજીવાય | સુથારપાડા | ૯૯૦૯૯૩૭૫૨૯ | ૨૯.૦૬.૨૦૨૬ /સોમવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |
| ૭ | ૬૬ કે.વી. ધાણવેરી | ૧૧ કે.વી. માલુંગી જેજીવાય | સુથારપાડા | ૯૯૦૯૯૩૭૫૨૯ | ૨૯.૦૬.૨૦૨૬ /સોમવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |
| ૮ | ૬૬ કે.વી. ધાણવેરી | ૧૧ કે.વી. અસલકાંટી એજી | સુથારપાડા | ૯૯૦૯૯૩૭૫૨૯ | ૨૯.૦૬.૨૦૨૬ /સોમવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |
| ૯ | ૬૬ કે.વી. નાની વહીયાળ | ૧૧ કે.વી. લાકડમાળ જેજીવાય | ધરમપુર-૨ | ૮૯૮૦૮૦૩૯૫૨ | ૩૦.૦૬.૨૦૨૬ /મંગળવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |
| ૧૦ | ૬૬ કે.વી. નાની વહીયાળ | ૧૧ કે.વી. તુંબી એજી | ધરમપુર-૨ | ૮૯૮૦૮૦૩૯૫૨ | ૩૦.૦૬.૨૦૨૬ /મંગળવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |
| ૧૧ | ૬૬ કે.વી. ચીવલ | ૧૧ કે.વી. વડખંભા જેજીવાય | નાનાપોઢાં | ૮૯૮૦૮૦૩૯૫૩ | ૩૦.૦૬.૨૦૨૬ /મંગળવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |
| ૧૧ | ૬૬ કે.વી. ચીવલ | ૧૧ કે.વી. ખરેડી એજી | નાનાપોઢાં | ૮૯૮૦૮૦૩૯૫૩ | ૩૦.૦૬.૨૦૨૬ /મંગળવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |
| ૧૩ | ૬૬ કે.વી. સાહુડા | ૧૧ કે.વી. સુલીયા જેજીવાય | સુથારપાડા | ૯૯૦૯૯૩૭૫૨૯ | ૩૦.૦૬.૨૦૨૬ /મંગળવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |
| ૧૪ | ૬૬ કે.વી. સાહુડા | ૧૧ કે.વી. આસ્લોણા જેજીવાય | સુથારપાડા | ૯૯૦૯૯૩૭૫૨૯ | ૩૦.૦૬.૨૦૨૬ /મંગળવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |
| ૧૫ | ૬૬ કે.વી. સાહુડા | ૧૧ કે.વી. લીખવદ એ.જી. | સુથારપાડા | ૯૯૦૯૯૩૭૫૩૦ | ૩૦.૦૬.૨૦૨૬ /મંગળવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |
| ૧૬ | ૬૬ કેવી ખારવેલ | ૧૧ કેવી ખારવેલ જેજીવાય | ધરમપુર-૧ | ૮૯૮૦૮૦૩૯૫૦ | ૩૦.૦૬.૨૦૨૬ /મંગળવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |
| ૧૭ | ૬૬ કેવી ખારવેલ | ૧૧ કેવી બિલપૂડી એજી | ધરમપુર-૧ | ૮૯૮૦૮૦૩૯૫૦ | ૩૦.૦૬.૨૦૨૬ /મંગળવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |
| ૧૮ | ૬૬ કે.વી. આંબા તલાટ | ૧૧ કે.વી. ખટાણા એજી | ધરમપુર-૨ | ૮૯૮૦૮૦૩૯૫૨ | ૦૧.૦૭.૨૦૨૬ /બુધવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |
| ૧૯ | ૬૬ કે.વી. આંબાતલાટ | ૧૧ કે.વી. મોટી ઢોલ ડુંગરી જેજીવાય | ધરમપુર-૨ | ૮૯૮૦૮૦૩૯૫૨ | ૦૧.૦૭.૨૦૨૬ /બુધવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |
| ૨૦ | ૬૬ કે.વી. કાકડ્કોપર | ૧૧ કે.વી. સુખાલા જેજીવાય | નાનાપોઢાં | ૮૯૮૦૮૦૩૯૫૩ | ૦૧.૦૭.૨૦૨૬ /બુધવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |
| ૨૧ | ૬૬ કે.વી. કાકડ્કોપર | ૧૧ કે.વી. કાકડ્કોપર એજી | નાનાપોઢાં | ૮૯૮૦૮૦૩૯૫૩ | ૦૧.૦૭.૨૦૨૬ /બુધવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |
| ૨૨ | ૬૬ કે.વી. સુથારપાડા | ૧૧ કે.વી. ફલી જેજીવાય. | સુથારપાડા | ૯૯૦૯૯૩૭૫૨૯ | ૦૧.૦૭.૨૦૨૬ /બુધવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |
| ૨૩ | ૬૬ કે.વી. સુથારપાડા | ૧૧ કે.વી. રાહોર જેજીવાય. | સુથારપાડા | ૯૯૦૯૯૩૭૫૨૯ | ૦૧.૦૭.૨૦૨૬ /બુધવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |
| ૨૪ | ૬૬ કે.વી. સુથારપાડા | ૧૧ કે.વી. માની એજી. | સુથારપાડા | ૯૯૦૯૯૩૭૫૨૯ | ૦૧.૦૭.૨૦૨૬ /બુધવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |
| ૨૫ | ૬૬ કે.વી. બરુમાળ | ૧૧ કેવી બરુમાળ જેજીવાય | ધરમપુર-૧ | ૮૯૮૦૮૦૩૯૫૦ | ૦૧.૦૭.૨૦૨૬ /બુધવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |
| ૨૬ | ૬૬ કે.વી. બરુમાળ | ૧૧ કેવી શેરીમાળ એજી | ધરમપુર-૧ | ૮૯૮૦૮૦૩૯૫૦ | ૦૧.૦૭.૨૦૨૬ /બુધવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |
| ૨૭ | ૬૬ કે.વી. અંભેટી | ૧૧ કે.વી. રાઈવાડિ જેજીવાય | નાનાપોઢાં | ૮૯૮૦૮૦૩૯૫૩ | ૦૨.૦૭.૨૦૨૬ /ગુરુવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |
| ૨૮ | ૬૬ કે.વી. અંભેટી | ૧૧ કે.વી. સાઈ મંદિર એજી | નાનાપોઢાં | ૮૯૮૦૮૦૩૯૫૩ | ૦૨.૦૭.૨૦૨૬ /ગુરુવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |
| ૨૯ | ૬૬ કે.વી. સુથારપાડા | ૧૨ કે. વી. બારપુડા જેજીવાય. | સુથારપાડા | ૯૯૦૯૯૩૭૫૨૯ | ૦૨.૦૭.૨૦૨૬ /ગુરુવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |
| ૩૦ | ૬૬ કે.વી. સુથારપાડા | ૧૨ કે. વી. કાંસદા એજી. | સુથારપાડા | ૯૯૦૯૯૩૭૫૨૯ | ૦૨.૦૭.૨૦૨૬ /ગુરુવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |
| ૩૧ | ૬૬ કે.વી. બરુમાળ | ૧૧ કેવી ટીટુખડક જેજીવાય | ધરમપુર-૧ | ૮૯૮૦૮૦૩૯૫૦ | ૦૨.૦૭.૨૦૨૬ /ગુરુવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |
| ૩૨ | ૬૬ કે.વી. બરુમાળ | ૧૧ કેવી પાનવા એજી | ધરમપુર-૧ | ૮૯૮૦૮૦૩૯૫૦ | ૦૨.૦૭.૨૦૨૬ /ગુરુવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |
| ૩૩ | ૬૬ કે.વી. વેલવાચ | ૧૧ કે.વી. વેલવાચ એજી | ધરમપુર-૨ | ૮૯૮૦૮૦૩૯૫૨ | ૦૩.૦૭.૨૦૨૬ /શુક્રવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |
| ૩૪ | ૬૬ કે.વી. વેલવાચ | ૧૧ કે.વી. કાકડમતી જેજીવાય | ધરમપુર-૨ | ૮૯૮૦૮૦૩૯૫૨ | ૦૩.૦૭.૨૦૨૬ /શુક્રવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |
| ૩૫ | ૬૬ કે.વી. અંભેટી | ૧૧ કે. વી. નવોદય જેજીવાય | નાનાપોઢાં | ૮૯૮૦૮૦૩૯૫૩ | ૦૩.૦૭.૨૦૨૬ /શુક્રવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |
| ૩૬ | ૬૬ કે.વી. અંભેટી | ૧૧ કે.વી. સાદડવેરી એજી | નાનાપોઢાં | ૮૯૮૦૮૦૩૯૫૩ | ૦૩.૦૭.૨૦૨૬ /શુક્રવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |
| ૩૭ | ૬૬ કે.વી. ધાણવેરી | ૧૧ કે.વી. તેરી ચિખલી જેજીવાય | સુથારપાડા | ૯૯૦૯૯૩૭૫૨૯ | ૦૩.૦૭.૨૦૨૬ /શુક્રવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |
| ૩૮ | ૬૬ કે.વી. ધાણવેરી | ૧૧ કે.વી. માલુંગી જેજીવાય | સુથારપાડા | ૯૯૦૯૯૩૭૫૨૯ | ૦૩.૦૭.૨૦૨૬ /શુક્રવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |
| ૩૯ | ૬૬ કે.વી. ધાણવેરી | ૧૧ કે.વી. અસલકાંટી એજી | સુથારપાડા | ૯૯૦૯૯૩૭૫૨૯ | ૦૩.૦૭.૨૦૨૬ /શુક્રવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |
| ૪૦ | ૬૬ કેવી અટક-પારડી | ૧૧ કેવી જુજવા જેજીવાય | રોણવેલ | ૭૫૬૭૮૭૬૬૮૫ | ૦૩.૦૭.૨૦૨૬ /શુક્રવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |
| ૪૧ | ૬૬ કેવી અટક-પારડી | ૧૧ કેવી કાંજન એજી | રોણવેલ | ૭૫૬૭૮૭૬૬૮૬ | ૦૩.૦૭.૨૦૨૬ /શુક્રવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |
| ૪૨ | ૬૬ કે.વી. કાકડ્કોપર | ૧૧ કે.વી. મોટાપોંઢાં જેજીવાય | નાનાપોઢાં | ૮૯૮૦૮૦૩૯૫૩ | ૦૪.૦૭.૨૦૨૬ /શનિવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |
| ૪૩ | ૬૭ કે.વી. કાકડ્કોપર | ૧૧ કે.વી. કરાયા એજી | નાનાપોઢાં | ૮૯૮૦૮૦૩૯૫૩ | ૦૪.૦૭.૨૦૨૬ /શનિવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |
| ૪૪ | ૬૬ કે.વી. સાહુડા | ૧૧ કે.વી. કોલવેરા જેજીવાય. | સુથારપાડા | ૯૯૦૯૯૩૭૫૨૯ | ૦૪.૦૭.૨૦૨૬ /શનિવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |
| ૪૫ | ૬૬ કે.વી. સાહુડા | ૧૧ કે.વી. કરજુન એજી | સુથારપાડા | ૯૯૦૯૯૩૭૫૨૯ | ૦૪.૦૭.૨૦૨૬ /શનિવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |
| ૪૬ | ૬૬ કે.વી. સુથારપાડા | ૧૧ કે.વી. ફલી જેજીવાય. | સુથારપાડા | ૯૯૦૯૯૩૭૫૨૯ | ૦૪.૦૭.૨૦૨૬ /શનિવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |
| ૪૭ | ૬૬ કે.વી. સુથારપાડા | ૧૧ કે.વી. રાહોર જેજીવાય. | સુથારપાડા | ૯૯૦૯૯૩૭૫૨૯ | ૦૪.૦૭.૨૦૨૬ /શનિવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |
| ૪૮ | ૬૬ કે.વી. સુથારપાડા | ૧૧ કે.વી. માની એજી. | સુથારપાડા | ૯૯૦૯૯૩૭૫૨૯ | ૦૪.૦૭.૨૦૨૬ /શનિવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |
| ૪૯ | ૬૬ કે.વી. સુથારપાડા | ૧૧ કે.વી. સુથારપાડા જેજીવાય. | સુથારપાડા | ૯૯૦૯૯૩૭૫૨૯ | ૦૪.૦૭.૨૦૨૬ /શનિવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |
| ૫૦ | ૬૬ કે.વી. સુથારપાડા | ૧૨ કે.વી. કાંસદા એજી. | સુથારપાડા | ૯૯૦૯૯૩૭૫૨૯ | ૦૪.૦૭.૨૦૨૬ /શનિવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |

નોંધ: સમારકામ પૂર્ણ થયેથી કોઈપણ પ્રકારની પૂર્વ સુચના આપ્યા સિવાય વીજ પ્રવાહ ચાલુ કરવામાં આવશે.

કાર્યપાલક ઇજનેર,
વિભાગીય કચેરી, ધરમપુર

એમ.સી.બી./ઇ.એલ.સી.બી./આર.સી.સી.બી. લગાવી વીજળી ના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો.

## દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમીટેડ

DGVCL

CIN U40102GJ2003SGC042909

સુરત ગ્રામ્ય વિભાગીયકચેરી

ઊર્જા સદનની સામે,નાના વરાછા રોડ, કાપોદ્રા ચાર રસ્તા, સુરત ૩૯૫૦૦૬

ડીજીવીસીએલ ટોલ ફ્રી નં. ૧૯૧૨૩ (કે ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩)

### વીજ પુરવઠો બંધ રહેવા અંગેની જાહેરાત

અમારા માનવંત ગ્રાહકોને જણાવવાનું કે અગત્યની સમાર કામગીરીનાં કારણે નીચે જણાવેલ ફીડર પરથી નીચે જણાવેલ તારીખ અને સમયે વીજપુરવઠો મળી શકશે નહિ. કામગીરી પૂર્ણ થયે કોઈ પણ જાતની જાણ કર્યા વગર વીજપુરવઠો ચાલુ કરી દેવામાં આવશે.જેની નોંધ લઈ સહકાર આપવા વિનંતી.

| ક્રમ | સબ-સ્ટેશન | ફીડર | સબ-ડિવિઝન | ફોલ્ટસેન્ટર નં. | તારીખ/ વાર | સમય |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૬૬ કે.વી.કોસમાડા | ૧૧ કે.વી.સફીયાએહમદ | સરોલી | ૮૯૮૦૮૦૩૮૫૦ | ૦૧.૦૭.૨૬/ બુધવાર | ૦૮.૦૦ થી ૧૧.૦૦ |
| ૨ | ૬૬ કે.વી. પૂણા | ૨૨ કે.વી. વલ્લભનગર | યોગીચોક | ૮૯૮૦૮૦૩૮૫૨ | ૦૨.૦૭.૨૬/ગુરૂવાર | ૦૮.૦૦ થી ૧૫.૦૦ |
| ૩ | ૬૬ કે.વી. વાવ | ૧૧ કે.વી.સ્વસ્તિક | પાસોદરા | ૬૩૫૭૨૩૧૪૦૯ | ૦૨.૦૭.૨૬/ગુરૂવાર | ૦૮.૦૦ થી ૧૪.૦૦ |
| ૪ | ૬૬ કે.વી. કઠોદરા | ૧૧ કે.વી રુદ્રાક્ષ | લસકાણા | ૮૯૮૦૦૩૧૬૬૦ | ૦૩.૦૭.૨૬/ શુક્રવાર | ૦૯.૦૦ થી ૧૬.૦૦ |
| ૫ | ૬૬ કે.વી. સરથાણા | ૨૨ કે.વી. તુલસીશ્યામ | સીમાડા | ૬૩૫૭૨૩૧૪૩૦ | ૦૩.૦૭.૨૬/ શુક્રવાર | ૦૮.૦૦ થી ૧૨.૦૦ |

કાર્યપાલક ઈજનેર(સં. અને નિ.),સુરત ગ્રામ્ય વિભાગીય કચેરી,દ.ગુ.વી.કં.લિ.

એમ.સી.બી./ ઈ.એલ.સી.બી./ આર.સી.સી.બી. લગાવી વીજળીનાં ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો.



ફક્ત રૂ. ૮૦/- થી શરૂ
33 કલાકારોનો કાફલો પ્રથમવાર



વેલ કમ ટુ ધ જંગલ
અક્ષયકુમાર, સુનીલ શેટ્ટી, પરેશ રાવલ
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે: ૯.૩૦
રોમાંચક લવસ્ટોરી, મ્યુઝીકલ
કોકટેલ ભાગ 2
શાહીદ કપૂર, રશ્મિકા મંદાના, કૃતિ સેનન
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦ રાત્રે: ૯.૩૦
RUPAM CINEMA
એડ.બુકીંગ ચિયેટર અને bookmyshow.com પર ચાલુ છે.



RAJHANS



ગોપીતળાવ
નવસારીબજાર, સુરત
વેલકમ ટુ ધ જંગલ
૧૦.૦૦, ૧૧.૦૦, ૧૨.૧૫, ૨.૪૫, ૩.૩૦, ૪.૧૫, ૫.૩૦, ૬.૩૫, ૭.૩૦, રાત્રે ૯.૦૦, ૧૦.૦૦, ૧૦.૩૫
કોકટેલ-2
એક શો: ૯.૧૫



APPLE CINEMA



ઓલપાડ બસ ડેપોમાં હવેથી એપલ (મલ્ટીપ્લેક્ષ) ની સિનેમાની ઓફિસ બુકીંગ માટે ઓફિસ ખોલવામાં આવી છે.
વેલકમ ટુ ધ જંગલ
કોકટેલ-2
જીંદગી વન્સ મોર
કૃષ્ણાવતારમ-1 (હિન્દી)
સુપર ગર્લ
કડકનાથ (ગુજરાતી)
ન્યાયચક (હિન્દી)
બધુ ઓલરાઈટ છે (ગુજરાતી)



RAJ IMPERIAL
DOLBY ATMOS
વરાછા સરથાણા નેચર પાર્ક પાસે INOX
For Booking Movie Tickets @ Raj Imperial Inox Call On 02612577777
33 કલાકારોનો કાફલો પ્રથમવાર
વેલકમ ટુ ધ જંગલ



રોમાંચક લવસ્ટોરી
કોકટેલ-2
શાહીદ- રશ્મિકા - કૃતિ સેનન
3D હિન્દી
સુપર ગર્લ
કડકનાથ
મૈં વાપસ આઉંગા
જીંદગી વન્સ મોર